BRAMPTON **Service and Information Update**

જૂન 9, 2023

## સીટી ઑફ બ્રેમ્પટન પેટિઓ બ્રેમ્પટન પ્રોગ્રામ માટે

## રેસ્ટોરન્ટ્સ, બાર્સ, અને કૅફે પાસેથી અરજીઓ સ્વીકારી રહ્યું છે

### *આ ઉનાળામાં રહેવાસીઓ માટે ડાઈનીંગમાં વધારે આઉટડોર સ્પેસીસ ઊભી કરવી અને સ્થાનિકોને ટેકો આપવો*

બ્રેમ્પટન, ઓન્ટેરિયો – આગામી ઉનાળુ ઋતુ પહેલાં, સીટી ઑફ બ્રેમ્પટન રેસ્ટોરન્ટ્સ, બાર્સ અને કૅફેસને યાદ અપાવી રહ્યું છે કે તેઓ ઓક્ટોબર 31, 2023 સુધી મ્યુનિસિપલ કે ખાનગી મિલકત પર હંગામી ધોરણે સીઝનલ પેટિઓ અને સીટીંગ એરિયા મેળવવા માટે અરજી કરી શકે છે. અરજદાર મોડામાં મોડા નવેમ્બર 7 નાં રોજ સવારે 7 વાગ્યા સુધીમાં પેટિઓ કાઢી નાખવા માટે અને જે તે જગ્યાને તેના મૂળ (ઓરિજીનલ) સ્વરૂપમાં પરત કરવા માટે જવાબદાર બને છે.

હંગામી ધોરણે પેટિઓ એક્ષ્ટેન્શન માટેની અરજી સીટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે અને સીટી ક્લાર્કની ઑફિસને ઓનલાઇન મોકલી શકાય છે.

પેટિઓ બ્રેમ્પટન પ્રોગ્રામ મારફતે, વધારે રહેવાસીઓ ઉનાળુ હવામાનનો આનંદ માણવા, અને સ્થાનિક ધંધાઓને સહાયતા કરવા આઉટડોર જઇ શકશે.

**વર્ષ 2023 માટે નવું**

જાન્યુઆરી 1, 2023 નાં રોજ, ગવર્મેન્ટ ઑફ ઓન્ટેરિયોએ *લિકર લાઈસન્સ ઍન્ડ કંટ્રોલ ઍક્ટ, 2019* હેઠળ *ઓન્ટેરિયો રેગ્યુલેશન 746/21* ની કલમ 153.1 અનુસાર, મ્યુનિસિપાલિટીઓને લિકર લાઇસન્સ્ડ પ્રિમાઇસીસને હંગામી ધોરણે આઉટડોર એક્ષ્ટેન્શન્સ મંજૂર કરવાની ક્ષમતા પૂરી પાડી હતી. અગાઉ, લિકર લાઇસન્સીસના બધાં હંગામી આઉટડોર એક્ષ્ટેન્શન્સ AGCO ની સત્તા હેઠળ હતા અને અરજદારે મ્યુનિસિપાલિટી પાસેથી નોન-ઓબ્જેક્શનનો લેટર મેળવીને પૂરો પાડવાનો રહેતો હતો. આ માત્ર માન્ય લિકર લાઇસન્સ ધરાવતી એસ્ટાબ્લિશમેન્ટ્સ માટે લાઇસન્સ્ડ વિસ્તારોના આઉટડોર એક્ષ્ટેન્શન્સને લાગુ પડે છે.  પહેલેથી લાઇસન્સ ધરાવતી એસ્ટાબ્લિશમેન્ટ માટે આલ્કોહોલ સર્વ અને કન્ઝ્યુમ કરવાનો સમય લંબાવવાની બાબતની મંજૂરી હજુ પણ AGCO સાથે રહે છે.

જાન્યુઆરી 1, 2023 નાં રોજ, મ્યુનિસિપાલિટીસ હવે વ્યક્તિગત ધોરણે:

- એક કેલેન્ડર વર્ષમાં આઠ મહિનાઓ સુધી લાઇસન્સ ધરાવતી પ્રિમાઇસીસને હંગામી ધોરણે આઉટડોર એક્ષ્ટેન્શન્સ મંજૂર કરવાની સત્તા ધરાવે છે
- મ્યુનિસિપલ મંજૂરી પોતાની શરતો પર આપવાની પરવાનગી ધરાવે છે
- મ્યુનિસિપાલિટીએ કોઈ શરતો રાખીને મંજૂર કરેલા આઉટડોર એક્ષ્ટેન્શન પર અનુપાલન થતું હોવાની ખાતરી કરાવવાને જવાબદાર રહે છે.

**બેકગ્રાઉન્ડ (પશ્ચાદભૂ)**

જૂન 2020 માં, બ્રેમ્પટનના બાર્સ અને રેસ્ટોરન્ટ્સ માટે પોતાના પેટિઓ વિસ્તારવાનું અને COVID-19 નો ફેલાવો સીમિત કરવા ફિઝિકલ ડિસ્ટન્સીંગ જાળવવાનું વધારે સરળ બનાવવા સીટી કાઉન્સિલે હંગામી ધોરણે પેટિઓ એક્ષ્ટેન્શન કાર્યક્રમ તરીકે પેટિઓ બ્રેમ્પટન પ્રોગ્રામ બનાવ્યો હતો. આ કાર્યક્રમ જાન્યુઆરી 1, 2023 નાં રોજ સમાપ્ત થયો હતો.

પેટિઓ એક્સ્ટેન્શન્સ કે અરજી પ્રક્રિયાને લગતા પ્રશ્નો માટે કૃપા કરી cityclerksoffice@brampton.ca ને ઈમેઈલ મોકલો અથવા 905.874.2113 નંબર પર કૉલ કરો.

**કડીઓ (લિંક્સ):**

- પેટિઓ બ્રેમ્પટન કાર્યક્રમ
- હંગામી પેટિઓ એક્સ્ટેન્શન ઓનલાઇન અરજી ફોર્મ

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca